

# આલાની પટ્ટી

— વસંતલાલ પરમાર

પંજાબની આ લોકકથા છે.

પંજાબના ભદૌડ નામના એક ગામમાં એક શીખ પરિવાર ખૂબ સંપીને રહેતું હતું. એ પરિવારમાં સાત ભાઈઓ હતા. એ બધા એકબીજાને જીવજાનથી ચાહતા હતા. એ દરેકની પાસે એક–એક કિલ્લો હતો. એ લોકો ગુરુદ્વારામાં જઈ ભજનકીર્તન કરતા, સત્સંગ કરતા, દીન–દુઃખિયાંની સહાયતા કરતા અને સૌની સાથે આદરપૂર્વક વ્યવહાર કરવો એ એમની આદત હતી. એમના દિવસો આમ આનંદભર્યા વીતતા હતા.

ગામમાં કોઈ–કોઈ વખત એક પંડિતજી પણ આવતા હતા. એમની વાણીમાં ગજબનો જાદુ હતો. પ્રવચન સાંભળવા આખું ગામ એકઠું થઈ જતું. બેસવા માટેની જગ્યા પણ ન મળતી. ઘણાખરા લોકોને તો ઊભા પણ રહેવું પડતું. પેલા સાતે ભાઈઓ પણ પંડિતજીનું પ્રવચન સાંભળવા જતા.

એક દિવસની વાત છે.

પંડિતજીનું પ્રવચન ચાલતું હતું. લોકો એકધ્યાને પંડિતજીની વાણીનું પાન કરી રહ્યા હતા. સાતે ભાઈઓ પણ કથા સાંભળવામાં મશગૂલ બની ગયા હતા. અચાનક પંડિતજીએ પેલા સાત ભાઈઓની તરફ ઈશારો કરતાં કહ્યું કે, ‘તમારામાંથી એક ભાઈ રાજા બનશે.’

આ જાણી સાતે ભાઈઓનાં મનમાં જિજ્ઞાસા જાગી કે આપણામાંથી કોણ રાજા બનશે ? પરંતુ પંડિતજીને આ વાત પૂછવાની કોઈની હિંમત ન હતી. છેવટે નાનો ભાઈ ઊભો થયો. પંડિતજીને પ્રણામ કરી આદરપૂર્વક બોલ્યો :

'પંડિતજી ! મારા મનની જિજ્ઞાસાનું આપ સમાધાન કરો. આપ એ બતાવવાની કૃપા કરો કે અમારામાંથી કોણ રાજા બનશે ?'

પંડિતજી કહે : 'જે ઊભો થઈ જશે એ જ રાજા બનશે.'

પંડિતનો ઉત્તર ખૂબ જ રહસ્યમય હતો. આખરે ઊભા તો સૌ થવાના. પરંતુ પંડિતના પ્રભાવને લીધે આગળ કંઈ પૂછી ન શકાયું. પ્રવચન પૂરું થતાં જ સૌ પોતપોતાના ઘર તરફ વળ્યાં.

આ વાતને ઘણા દિવસો વીતી ગયા.

એક દિવસ નાનો ભાઈ પોતાના પરિવાર સાથે યાત્રાએ નીકળ્યો હતો. નાનો ભાઈ દયાળુ સ્વભાવનો હતો. એ કદી કોઈના પર ગુસ્સે થતો નહિ. જાતે કષ્ટ સહી લે પણ કોઈને કંઈ ન કહે. એના આ વર્તનને કારણે ગામલોકો એને 'આલો' કહીને બોલાવતા હતા.

પોતાનું ગામ છોડયા પછી નાના ભાઈ આલાએ બાર કોસ દૂરના અંતરે પોતાનો મુકામ કર્યો. ઘોડાને છુટ્ટા મૂક્યા. તંબુ તાણ્યા. રસોઈ માટે ચૂલા સળગાવ્યા. સૌએ જમીને આરામ કર્યો.

જે જગ્યાએ આલાના ચૂલાની આગ જલી હતી, એ સ્થળને લોકો 'બરનાલા' નામથી ઓળખવા લાગ્યા. આલાના મૃદુ, દયાળુ અને દાની સ્વભાવની વાતો સાંભળીને લોકો એ સ્થળે આવીને વસવા માંડયા. આ પ્રકારે 'બરનાલા'નું નામ ચારે તરફ ફેલાઈ ગયું. બરનાલા એક મોટું ગામ બની ગયું.

એક દિવસ પેલા પંડિતજી ફરતાં–ફરતાં બરનાલા ગામે આવ્યા. એ નાના ભાઈ આલાની પાસે પહોંચ્યા. એમને જોતાં જ તે ઓળખી ગયો અને એમનો ચરણસ્પર્શ કર્યો. એમને આદરપૂર્વક ભોજન કરાવ્યું અને પછી પૂછ્યું કે, શા માટે આવ્યા છો ? અને પોતે એમની કોઈ મદદ કરી શકે એમ છે ?

પંડિતજીની સાથે એક સ્ત્રી પણ હતી. એની તરફ સંકેત કરીને એ બોલ્યા :

'આ ગરીબ બ્રાહ્મણી છે. એની પુત્રીનું સગપણ થઈ ગયું છે, પરંતુ એની પાસે દીકરીના લગ્ન માટે પૈસા નથી એટલે લાચાર છે. જો તમે એની કંઈ મદદ કરી શકો તો મોટી મહેરબાની થશે. એક બ્રાહ્મણકન્યાનો ઉદ્ધાર થશે અને એનું પુણ્ય તમને મળશે.'

પંડિતજીની વાત સાંભળીને આલો ઘરમાં ગયો. એણે પોતાની પત્નીને બધી વાત કરી. એણે તરત જ પોતાની કમરમાં બાંધેલી વાંસળી ઉતારીને પતિના હાથમાં મૂકી દીધી. વાંસળીમાં રોકડા રૂપિયા ભરેલા હતા. આલાએ વાંસળી લાવીને પંડિતના પગમાં મૂકી દીધી.

પંડિતે પૂછ્યું : 'આમાં કેટલા રૂપિયા છે ?'

આલો કહે : 'એમાંથી થોડા જ રૂપિયા વપરાયા છે; બાકીના આપની સેવામાં હાજર છે. આવા પુણ્ય–દાનમાં મારા પૈસા વપરાશે તો મારું જીવન ધન્ય બની જશે. આપ એનો સ્વીકાર કરો.'

પંડિતજીએ રૂપિયા ખેસને છેડે બાંધી દીધા. આલાને અગણિત ગામોનો સ્વામી થવાનો આશીર્વાદ આપીને રવાના થયા.

થોડા દિવસો પછી આલો પોતાના ઘોડા પર સવાર થઈને યાત્રા માટે નીકળી પડયો. ઘણી–ઘણી જગ્યાએ ઘૂમતાં–ઘૂમતાં એ શિમલા પહોંચ્યો. ત્યાંથી એ પાછો વળ્યો. પાછા વળતાં એણે ધનુષ પર તીર ચઢાવીને ફેંકયું. જે જગ્યાએ તીર પડે ત્યાં પોતાના ડેરા–તંબુ તાણવા એમ એણે મનમાં નિશ્ચય કર્યો હતો. તીર જયાં પડયું એ જગ્યાએ આલાએ પોતાનું રહેઠાણ જમાવ્યું. આલાના રહેઠાણને કારણે એ સ્થળ ‘આલાની પટ્ટી’ નામથી ઓળખાયું. સમય જતાં તેનું નામ ‘પતિયાલા’ થયું. પતિયાલા અર્થાત્ ‘આલાકી પટ્ટી’. ત્યાં વસતા લોકો આલાને પોતાનો રાજા માનવા લાગ્યા.

આલાએ ત્યાં એક કિલ્લો ચણાવ્યો. એ ‘મુબારક કિલ્લા’ના નામથી પ્રસિદ્ધ થયો. આજે પણ એ કિલ્લો પતિયાલા શહેરની પાસે આવેલો છે.

આમ નાના ભાઈ આલાએ પોતાની આવડતને કારણે પંડિતે ઉચ્ચારેલી વાણીને સાચી કરી બતાવી.

(‘આપણા દેશની લોકકથાઓ’માંથી સાભાર)

■